

(તસવીર : જય અમીન, મોડાસા)

# વિલાયતી બાવળોથી ઘેરાયેલુ ખંભીસર ટેલીફોન એક્ષ્ચેન્જ

## એક્ષ્ચેન્જના મકાનથી પણ મોટા બાવળ થઈ ગયા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નહી

મોડાસા, તા. ૨૦

મોડાસા તાલુકાના ખંભીસર ગામે મોડાસા-રાજેન્દ્રનગર હાઈવે રોડને અને ખંભીસર બસ સ્ટેશનને અડીને ટેલીફોન એક્ષ્ચેન્જ આવેલું છે. આ એક્ષ્ચેન્જ વિલાયતી બાવળો અને ઝાડી ઝાંખડાથી એટલું બધું તો ઘેરાઈ ગયું છે જાણે કે વિલાયતી બાવળોની નર્સરીમાં ટેલીફોન એક્ષ્ચેન્જ ના હોય. બસ સ્ટેશન નજીક આવેલ આ એક્ષ્ચેન્જ પર ગ્રાહક કોઈ ફરિયાદ કરવા પણ જતા ડરે છે.

ઉપરાંત વિદ્યાર્થીઓ પણ વહેલી સવારે બસ સ્ટેશન પર જતા ડરે છે. એક્ષ્ચેન્જની અંદરના મેદાનમાં એટલું ઘાસ ઉગી નીકળ્યું છે અને એટલા ઝાડી ઝાંખરા થઈ ગયા છે કે ત્યાંથી નીકળતા લોકોને ઝેરી જીવજંતુનો ડર સતત રહ્યા કરે છે. એક્ષ્ચેન્જને અડીને આવેલ ઈલેક્ટ્રિક ડીપી પણ આવેલી છે જે આ બાવળોના લીધે જોખમી સાબિત થાય તેમ છે. એક્ષ્ચેન્જની અંદર ઝાડી ઝાંખરામાં અસામાજિક તત્વો બિન્દાસ રીતે અસામાજિક પ્રવૃત્તિ કરી શકે તે રીતે વિલાયતી બાવળો એક્ષ્ચેન્જને ઘેરી વળ્યા છે. ટેલીફોન એક્ષ્ચેન્જના મકાનથી ઉંચે આ વિલાયતી બાવળો થઈ ગયા છે. ત્યાં સુધી શું તંત્રની નજર નહિ ગઈ હોય ? ગામલોકોની એવી માંગણી છે કે તંત્ર દ્વારા જલદી કાર્યવાહી કરવામાં આવે.

# હિંમતનગર નગરપાલિકા દ્વારા સફાઈ વેરામાં ૧૦ રૂ.નો વધારો

હિંમતનગર, તા. ૨

હિંમતનગર નગરપાલિકાની સામાન્ય સભા મંગળવારે -મુખના અધ્યક્ષ સ્થાને પાલિકા સભાખંડમાં મળી હતી. જેમાં પાલિકાની વિવિધ સમિતીઓની રચના કરાઈ હતી. ત્યારબાદ ચર્ચા દરમિયાન હિંમતનગરવાસીઓ પાસેથી લેવાતા સફાઈ વેરામાં રૂા.૧૦ નો વધારો કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત સામાન્ય સભામાં શહેરમાં સુરક્ષા અને સ્વચ્છતાના મુદ્દે ધ્યાનમાં લઈ સીસી ટી.વી. કેમેરા લગાવવા ઉપરાંત આંબાવાડી સ્વામીનારાયણ મંદિર નજીક રેલ્વે અંડર બ્રીજ બનાવવા રીવાઈઝ એસ્ટીમેટ મંજુર કરી નવીન દરખાસ્ત બનાવી તાંત્રિક મંજુરી માટે મોકલવા નિર્ણય કરાયો હતો.

હિંમતનગર પાલિકા -મુખ શંકરભાઈ કહારના અધ્યક્ષ સ્થાને મંગળવારે મળેલી સામાન્ય સભામાં કારોબારી સમિતી સહિત વિવિધ સમિતીઓની રચના કરવામાં આવી હતી. એજન્ડા મુજબ થયેલી ચર્ચા દરમિયાન હિંમતનગરવાસીઓ પાસેથી લેવામાં આવતા સફાઈવેરામાં રૂા.૧૦ નો વધારો કરવા ચર્ચા કરાયા બાદ નિર્ણય લેવાયો હતો. જેથી એ-િલ માસથી હિંમતનગરવાસીઓને રૂા.૧૩૦ ચૂકવવા પડશે એમ કારોબારી અધ્યક્ષ જે.ડી.પટેલ અને ચીફ ઓફીસર -ણવ પારેખે જણાવ્યુ હતું. જોકે રાજય સરકાર દ્વારા કરાયેલા પરિપત્ર અંતર્ગત સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવવા માટે વધારો કરવો પડયો છે. ઉપરાંત સામાન્ય સભામાં હિંમતનગરના સીટી સર્વે નં.૭૦ પૈકીની ૭૩.૬૨ ચો.મી. જમીન અર્બન હેલ્થ સેન્ટર માટે ફાળવવા સીટી સર્વેમાં જરૂરી રકમ ભરવા સંદર્ભે નિર્ણય કરાયો હતો. સાથે સાથે મહેતાપુરા અને છાપરીયાના જનસેવા કેન્દ્રોને અદ્યતન બનાવવા, સ્વામીનારાયણ મંદિર પાસે રેલ્વે અંડરબ્રીજ બનાવવાની કામગીરીનો રીવાઈઝ એસ્ટીમેટ મંજુર કરી નવીન દરખાસ્તને તાંત્રિક મંજુરી અર્થે મોકલવા નિર્ણય લેવાયો હતો. ભૂગર્ભ ગટર યોજનાના કારણે તૂટી ગયેલા શહેરના રસ્તાઓના નવીનીકરણ માટે તાકીદની મંજુરી અર્થે સામાન્ય સભામાં ચર્ચા-વિચારણાઓ થઈ હતી. ઉપરાંત શહેરમાં સુરક્ષા અને સ્વચ્છતાના મુદ્દો ધ્યાનમાં રાખી સીસી ટી.વી. કેમેરા લગાવવાનો નિર્ણય કરાયો હતો.

# વન વિકાસ નિગમના અધ્યક્ષ તરીકે ચાર્જ સંભાળતા ડૉ. કુંબેરભાઈ ડીંડોર

તલોદ, તા.૨૦


રાજયના જુદા જુદા નિગમોના અધ્યક્ષ તથા સભ્યોની તાજેતરમાં મુખ્યમંત્રીએ નિમણુંકો કરી દીધી છે. જે અન્વયે જે તે નિગમના અધ્યક્ષો એ પોતાની જવાબદારી સંભાળી લીધી છે. જેમાં વડોદરા સ્થિત વન વિકાસ નિગમનો ચાર્જ પણ તેના અધ્યક્ષ ડૉ. કુબેરભાઈ ડીંડોરે સંભાળીને કામગીરી શરુ કરી દીધી છે. અધ્યક્ષે પોતાની જવાબદારી દરમિયાન નિગમના નિતિ નિયમો સાથે લગત પ્રજાજનોને લાભ પહોંચે તેવો અભિગમ અપનાવશે તેવું જણાવ્યું હતું.

વડોદરા ખાતે આવેલ રાજયના વન વિકાસ નિગમનો ગુરુવારના રોજ અધ્યક્ષ ડૉ. કુબેરભાઈ ડીંડોરે વિધિવત ચાર્જ સંભાળી લીધો છે. તલોદ કોલેજમાં ઉચ્ચ શિક્ષણના પાઠ ભણાવતા આ યુવાન રાજકીય ક્ષેત્રે પોતાના અનુભવો અને શિક્ષાનો મહત્તમ ઉપયોગ કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસ એજન્ડાને આગળ ધપાવવાની નેમ રાખે છે. તેમના હોદ્દાનો ચાર્જ મેળવતા સમયે પ્રદેશ આદિજાતિ મોરચાના અધ્યક્ષ અભેસિંહ તડવી, વડોદરાના સંસદ રંજનબેન ભટ્ટ, પૂર્વ મેયર તથા પ્રદેશ મંત્રી શબદસરણ બ્રહ્મભટ્ટ, મહીસાગરના જિલ્લા અધ્યક્ષ જે.પી. પટેલ, તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જે.સી. પટેલ તથા અધ્યાપક સાથી મિત્રો, રાષ્ટ્રીય યુવા મોરચાના પૂર્વ પ્રમુખ અમિત ઠાકર, રાષ્ટ્રીય મોરચાના ઉપાધ્યક્ષ કિરણભાઈ પટેલ, ગાયત્રી પરિવારના પરિવારજનો તથા ૧૫ જિલ્લામાંથી મોરચાના હોદ્દેદારો, કાર્યકરોએ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અધ્યક્ષને શુભેચ્છા પાઠવી હતી.



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

## ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રિય કલા સંગોષ્ટી કાર્યક્રમમાં સરડોઈના કલાકારનું સન્માન



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલા સરડોઈ ગામના રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવી ચુકેલા અને હાલ નિવૃત્ત શિક્ષક એવા લોક કલાકાર શ્રી મોતીભાઈ નાયકનું સન્માન તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં કલાનગરી પ્રયાગમાં યોજવામાં આવેલા રાષ્ટ્રિય કલા સંગોષ્ટિ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે કરવામાં આવ્યું હતું. શ્રી નાયકે ભારતીય લોકકલા મહાસંઘ અલ્હાબાદમાં હિન્દુસ્તાન એકેડેમી ખાતે 'રાષ્ટ્રના નિર્માણમાં લોક કલાનું યોગદાન' વિષય ઉપર વક્તવ્ય આપી સૌને પ્રભાવિત કર્યા હતા.

# પાલનપુર બ્રહ્મ સમાજ દ્વારા ગણપતભાઈ જોષીનું બહુમાન કરાયું

## કેશર ક્રેડીટ કો.ઓ.સો.ની રચના અંગે થયેલ ચિંતન

પાલનપુર, તા.૨૦

પાલપુર ખાતે સમસ્ત બ્રહ્મસમાજના યોજાયેલ વિશાળ સંમેલનમાં ગુજરાત સરકારે જેમને તાજેતરમાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં ડાયરેકટર તરીકે નિયુકત કરાયેલ છે તેવા બનાસકાંઠા સમસ્ત બહ્મસમાજના પ્રમુખ અને જિલ્લા ભાજપના અગ્રણી ગણપતભાઈ જોષીનું બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઈ જોષી તેમજ બ્રહ્મસમાજના અગ્રણી ગણપતભાઈ જોષીનું બહુમાન કર્યું હતું.

આ પ્રસંગે બ્રહ્મસમાજના યુવાનો અને જરૂરતમંદ મધ્યમવર્ગના કુટુંબોને આર્થિક જરુરિયાતો માટે ઉપયોગી થવા ક્રેડીટ કો.ઓ. સોસાસટીની રચના અંગે સવિસ્તાર માહિતી આપતાં મંડળના પ્રયોજક અને જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઈ જોષીએ જણાવ્યું હતું કે પ્રારંભિક તબક્કે જિલ્લાના પાલનપુર-ડીસા તેમજ દાંતીવાડા તાલુકામાં આ મંડળીને કાર્યાન્વિત કરાશે. પ્રત્યેક બ્રાહ્મણ પરિવારને શરૂઆતમાં માત્ર બે હજાર રૂપિયા ડીપોઝીટ તરીકે મુકવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જાણીતા તબીબી ડૉ. ઉમાકાંત પંડયા, પાલનપુર હિન્દુ સમાજના પ્રમુખ એડવોકેટ શ્રી શંભુભાઈ ઠાકર, ભારતીય જનતા પાર્ટીના જિલ્લા મહામંત્રી શ્રી ગજેન્દ્રભાઈ સકસેના, પરશુરામ પરિવારના શ્રી ડામરાજી રાજગોર સહિત અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્ઞાનમંદિર સંકુલના એમ.ડી. એડવોકેટ શ્રી કનકભાઈ પંડયાએ કર્યું હતું.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પ્રાંતિજમાં શાળા-કોલેજના સમયે ભારે વાહનો પર પ્રતિબંધ મુકવા આવેદનપત્ર અપાયું

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ શહેરી વિસ્તારમાં દિનપ્રતિદિન વધતી જતી ટ્રાફિકની સમસ્યાને લઈ સ્થાનિકોએ શાળા-કોલેજમાં જતા બાળકોના સમયમાં ફેરફાર કરવા પ્રાંત કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું.

પ્રાંતિજ શહેરમાં નેશનલ હાઈ-વે-૮ થી હરસોલ તરફના માર્ગ પર ભાખરીયા બસ સ્ટેન્ડ, રેલ-વે સ્ટેશન, શાળા કોલેજ તેમજ જરૂરી સરકારી કચેરીઓ આવેલી છે. જ્યાં દરરોજ મોટી સંખ્યામાં લોકોની અવર-જવર રહે છે. દરમિયાન આજ માર્ગ પર દિવસભર મોટા અને ભારેખમ આ માર્ગ પર બેફામ ગતિ દોડે છે. દરરોજ કપચી, રેતી, લાકડા અને ઈંટો ભરી બેફામ ગતિએ દોડતી ટ્રકના ચાલકો અકસ્માત સર્જી નિર્દોષ લોકોનો અને રાહદારીઓનો ભોગ લઈ રહ્યા છે. ત્યારે આ સંદર્ભે સ્થાનિક રહીશોમાં આ બેફામ બનેલા ટ્રક ચાલકો સામે આક્રોશ જોવા મળ્યો છે. અને સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ડૉ. એન.કે. ડેરિયા વિવિધ શાળાઓના આચાર્ય વિદ્યાર્થીઓ અને વાલીઓ રેલી યોજી શાળાના સમય દરમિયાન શહેરમાં ભારે વાહનો પર પ્રતિબંધ મુકવા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા થનગનાટનું આયોજન

તલોદ, તા.૨૦

તલોદની શેઠ શ્રી એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજમાં વર્ષના અંતે યોજાતા મનોરંજન કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે કોલેજના વિદ્યાર્થીઓએ થનગનાટ નામના સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર આયોજન કર્યુ છે. બુધવાર સમી સાંજે કોલેજના પટાંગણમાં કાર્યક્રમનું ઉદઘાટન સાંસદસભ્ય દિપસિંહ રાઠોડના હસ્તે રાખવામાં આવ્યું છે. મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા અતિથિ વિશેષ તરીકે તલોદ તાલુકા પંચાયતના પ્રમુખ બંસીધર મહેતા ઉપસ્થિત રહેશે. સી.ડી. પટેલ મહાવિદ્યામંડળ, પ્રમુખ હિતેન્દ્રભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાય, માનદમંત્રી દિનેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં કોલેજના આચાર્ય ડૉ. જે.સી. પટેલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રો. મમતાબેન પાઠક, પ્રો. એમ.એસ. પટેલ, ડૉ. જયોતિકાબેન પટેલ, ડૉ. આર.એમ. સિંધી, પ્રો. સીતાબેન પટેલ, પ્રો. વિજયભાઈ પંડયાએ નિરીક્ષણ હાથ ધરી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

-સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે રાજયની તમામ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલો તથા ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલો તથા મોડેલ સ્કુલોના આચાર્ય અને શિક્ષકોની તા.૨૦,૨૧ જાન્યુઆરી બે દિવસીય ચિંતન શિબિર યોજાઈ હતી. આ -સંગે ઉદ્દઘાટન સમારોહમાં -ાસંગીક -વચન કરતાં બનાસકાંઠા કલેકટરશ્રી દિલીપ રાણાએ જણાવ્યુ હતુ કે શિક્ષણલક્ષી વિવિધ અભિયાનોને લીધે શિક્ષણ ક્ષેત્રમાં સરસ -ગતિ જણાય છે. તેમણે કહ્યુ કે શાળાઓમા ભણવાની સરસ સુવિધાઓ ઉપલબ્ધ છે ત્યારે ગુણવત્તાસભર શિક્ષણ અને સંસ્કારો વડે વિધાર્થીઓની કારકિર્દી તેજસ્વી બનાવીએ. કલેકટરશ્રીએ કહ્યુ કે બાળકોમાં વિશેષ શક્તિઓ અને આવડત છુપાયેલી હોય છે તે શોધીને બહાર લાવીને તેને વિકસાવવાનું કામ કરીએ. તેમણે જણાવ્યુ કે વિધાર્થીઓને વોકેશનલ ગાઈડન્સ અને નવી માહિતી અને માર્ગદર્શન વડે કારકિર્દીલક્ષી વિવિધ કોન્સેપ્ટ મુકીએ જેથી તે પોતાનું પસંદગીનું ક્ષેત્ર વિચારી રસપૂર્વક ભણીને આગળ વધી શકે. તેમણે કહ્યુ કે વિધાર્થીઓને તેજસ્વી બનાવવા શિક્ષકો અને આચાર્યશ્રીઓ પોતાનું વિઝન તૈયાર કરીને આયોજનપ્રૂક આગળ વધે. કલેકટરશ્રીએ કહ્યુ કે બનાસકાંઠા જિલ્લામાં -ાથમિક કક્ષાએ ધોરણ ૧ થી ૭ના વિધાર્થીઓ સરળતાથી સમજી શકે તે માટે તેઓએ તૈયાર કરેલ -ખર પુસ્તક જિલ્લાની -ાથમિક શાળાઓને આપવામાં આવ્યુ છે. કલેકટરશ્રી રાણાએ શિક્ષકો અને આચાર્યશ્રીઓને અનુરોધ કરતા જણાવ્યુ કે બાળક આત્મવિશ્વાસ અને રસપૂર્વક ભણે, તે સ્ટેજ ફીયરથી ડરે નહિ અને તેજસ્વી વિધાર્થીઓ સાથે ઉત્સાહપૂર્વક સ્પર્ધા કરે તેવુ ઘડતર કરીએ.

# દાંતીવાડા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

દાંતીવાડા તા.૨૦

આજ રોજ દાંતીવાડા પોલીસ સ્ટેશનમાં શાંતિ જળવાઈ રહે જે હેતુથી અલગ અલગ કોમોના લોકોને પોલીસ સ્ટેશનમાં બોલાવાયા હતા અને હાલમાં નવા પોસ્ટીંગમાં આવેલ પીએસઆઈએ આવનાર લોકોને ધ્યાનથી સાંભળી અને શાંતિ ભંગ થતો હોય અથવા તો અસામાજીક પ્રવૃત્તિઓ થતી હોય તો સંપર્ક કરવા જણાવ્યું હતું. અસમાજીક તત્વોના ડરથી અમુક લોકોએ એકાંતમાં કરી રજુઆત જે વાતે પીએસઆઈએ પણ આપી હતી લગામની ખાતરી !

નવા પોસ્ટીંગમાં આવેલ પીએસઆઈ એ.ડી.પરમારની અને સ્ટાફની ઉપસ્થિતિએ અલગ અલગ કોમોના લોકોને બોલાવામાં આવ્યા હતા, અને શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં અંદાજીત વેપારીઓ તેમજ અન્ય લોકો ત્રીસ જણ જેટલી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં પીએસઆઈ દ્વારા તાલુકામાં શાંતિ જળવાઈ રહે અને શાંતી ભંગ કરનાર અસમાજીક તત્વોને ખુલ્લા પાડી પોલીસને જાણ કરવા જણાવ્યું હતું જેથી આમ પ્રજાને હલાકી ન પડે અને શાંતિ જળવાઈ રહે, ત્યારબાદ આવનાર લોકોને કોઈ સમસ્યા હોય તો જણાવવા કહ્યું હતું, ત્યારે લોકોમાંથી જાહેરમાં ન કહેતા અમુક લોકોએ દારૂના ધંધા પર લગામ લગાવવા એકાંતમાં રજુઆત કરી હતી જો દારૂના ધંધા પર લગામ લાગશે તો ઘણી ગેર પ્રવૃત્તિઓ આપો આપ બંધ થઈ જશે અમુક લોકોની આ વાત સાંભળી પીએસઆઈએ પણ ખાતરી આપી હતી કે મારી હાજરી રહેતા આ બધી પ્રવૃત્તિઓને કોઈ જ જાતનું પ્રોત્સાહન ન આપતા બધું જ બંધ કરવામાં આવશે. હાલમાં આ ચર્ચાઓ થઈ ચુકી છે પરંતુ આવનાર સમયમાં કેટલું સાચું પુરવાર થાય છે એ તો સમય જ બતાવશે અને એ હવે જોવું રહ્યું.

# અરવલ્લીને થતાં રેલ અન્યાય સામે જનજાગૃતિ-વિચારમંચ ઝુંબેશ ઉપાડે

સાબરકાંઠાના પૂર્વ સાંસદ અને હાલમાં જનજાગૃતિ વિચારમંચના અધ્યક્ષએ સપ્તાહ અગાઉ દિલ્હી ખાતે રેલ્વે મંત્રી અને રેલ્વે બોર્ડના અધ્યક્ષને મળી સાબરકાંઠા તેમજ અરવલ્લી જિલ્લાને રેલ્વે બાબષ્તે થઈ રહેલા અન્યાય સંદર્ભેની લેખિત રજુઆતો કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પૂર્વ સાંસદે અને વર્તમાન સાંસદે પણ અગાઉ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાને રેલ્વેના -ો માટે અનેકવાર રજુઆતો કર્યા બાદ તેમાં આજદિન સુધી કોઈ પરિણામલક્ષી કે -જાલક્ષી સફળતા -ાપ્ત થઈ શકી નથી ત્યારે અન્યાયના આ કલંકને કાયમી મિટાવવા માટે સાંસદ ઉપરાંત પૂર્વ સાંસદે ભેગા મળી આંદોલનાત્મક ઝૂંબેશ ઉપાડવી પડશે તેવો જનમત બંને જિલ્લાની -જામાંથી ઉઠી રહ્યો છે.

જનજાગૃતિ વિચારમંચના અધ્યક્ષ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણએ જાન્યુઆરીના ગત સપ્તાહમાં દિલ્હી જઈ રેલ્વે મંત્રી સુરેશ -ભુ અને રેલ્વે બોર્ડના અધ્યક્ષ મિત્તલને મળી બંને જિલ્લાને રેલ્વે બાબતે આઝાદીના ૬૮ વર્ષથી થઈ રહેલા અન્યાય અંગે લેખિતમાં રજુઆત કરી વાકેફ કર્યા હતા. રેલ મંત્રી સમક્ષ કરાયેલી રજુઆતમાં તેમને રેલ્વેના અભાવના કારણે બંને જિલ્લા વિકાસથી વંચિત રહ્યાનું જણાવી બંને જિલ્લામાં એકપણ સરકારી મોટો ઉદ્યોગ સ્થાપી ન શકાવાના કારણે રોજગારીની સમસ્યા સર્જાઈ રહી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦